# ‘હોમકેર’ સેવાઓનું વધતું વ્યાપારીકરણ

## બેરોજગારોને ‘હોમકેર’ સેવા માટે ૪-૬ અઠવાડિયાની તાલીમ આપી વધતા વ્યાપારીકરણને અટકાવવા સરકારે વ્યવસ્થાપન ઉભું કરવું જોઈએ

ગાંધીનગર, તા. ૩

સિનિયર સિટીઝન્સ માટે કરવામાં આવતી સેવાઓનું ભયાનક રીતે વ્યાપારીકરણ થઈ રહ્યું છે અને ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. સિનિયર સિટીઝન્સને હોમ કેર માટે જે પ્રાઈવેટ સંસ્થાઓ ચાલે છે તેમાં સેવાની જગ્યાએ વ્યાપાર બનાવી દેવાયો છે. જેમાં અઢળક પૈસા ખંખેરવામાં આવી રહ્યા છે. આ વ્યાપારીકરણને અટકાવવા માટે સરકારે એક એવી યોજના તૈયાર કરવી જોઈએ જેમાં બેરોજગાર યુવાવર્ગને ૪ થી ૬ અઠવાડિયાની હોમ કેર અને હોમ અટેન્ડેન્ટની તાલીમ આપવામાં આવે જેથી બેરોજગારી પણ ઘટશે અને આ ભયાનક વ્યાપારીકરણ અટકશે. જે બેરોજગારોને આ કાર્યમાં રસ હોય તેમને યોગ્ય તાલીમ આપવામાં આવશે તો તેઓ સિનિયર સિટીઝન્સને યોગ્ય રીતે સાર સંભાળ આપી શકશે અને ચોક્કસ પગાર ધોરણ નક્કી કરવામાં આવે.

અત્યાર સુધી સરકારે આ બાબતે કોઈ સરકારી ભરતી જેવુ વિચાર્યુ જ નથી. યુવાવર્ગ બેરોજગારીમાં સપડાઈ રહ્યો છે તેમનામાં યોગ્ય આવડત હોવા છતાં પોતાની સ્કીલ મુજબ વ્યવસાય શોધી શકતા નથી. સરકાર જો આ ‘હોમ કેર’ સંલગ્ન સરકારી ભરતી બહાર પાડે તો ઘણા બધા બેરોજગારોને યોગ્ય તક મળી રહેશે અને સેવાને ધંધો બનાવી ચૂકેલા લોકોનો ધંધો બંધ થઈ શકશે. હાલમાં ૨૪ કલાક સિનિયર સિટીઝન્સની ઘરે સારવારના ભાવ રૂ. ૨૦,૦૦૦ માસિકથી માંડી રૂ. ૪૦,૦૦૦ માસિક લેવામાં આવી રહ્યા છે. ઘણી ખાનગી સંસ્થાઓ દ્વારા નામી હોસ્પિટલો દ્વારા રૂ. ૫૦,૦૦૦ માસિક લેવામાં આવે છે, જેમાં જમવાનો અને અન્ય ખર્ચો અલગ થાય છે. મધ્યમ અને ગરીબ વર્ગના માણસો કઈ રીતે આ ખર્ચો કરી શકે ? ઈન્સ્યોરન્સ કંપનીઓ પણ આમાં કોઈ મદદ કરતી નથી તેથી સરકારે આ વિષયમાં ચોક્કસ વિચારવુ જ જોઈએ.

- ખૂબ જ તાકીદે યોગ્ય ઉપાય જરૂરી છે.
- દેશમાં કરોડો યુવક/યુવતીઓ બેરોજગાર છે તેમને ૪ થી ૬ અઠવાડિયાનો હોમ કેર, અટેન્ડેન્ટનો કોર્સ સરકાર અને તમામ સંસ્થાઓ કરાવી રોજગારી વધારે.
- સિનિયર સિટીજનોને ખૂબ જ નજીવા દરે હોમ કેર મળે તે માટે ઈન્સ્યોરન્સ કંપનીઓને પણ કહેવામાં આવે.
- ખાનગી સંસ્થાઓ જે બેફામ રીતે આ સેવાઓમાં નાગરિકોને લૂંટે છે તેમાં રોક લગાવી જોઈએ.
- દેશમાં સારામાં સારા ‘ઓલ્ડ એજ કેર કન્ટેરેસ’ બનાવવામાં આવશે તો સિનિયર સિટીઝનોને પૂરતી કાળજી મળશે.



પ્રતિકાત્મક તસવીર

**સિનિયર સિટીઝન્સ માટે ચાલતી હોમ કેર સેવાઓમાં ભયાનક વ્યાપારીકરણ વધ્યું : ખાનગી સંસ્થાઓ નાગરિકો પાસેથી ઉઘાડી લૂંટ કરી રહી છે**

# આખા રાજ્યમાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગરમાં : ૩.૭૨ ટકા

## ચોમાસાના આરંભે જ વરસાદની ઘટ રહેતાં જિલ્લાવાસીઓ નિરાશામાં ગરકાવ

**(પ્રકાશ જહા)** ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લો આખા રાજ્યમાં એવો જિલ્લો છે જ્યાં આ વર્ષે ચોમાસાનો સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. કચ્છમાં રાપર તાલુકો એવો છે જ્યાં હજુ સુધી વરસાદનું એક ટીપુંય નથી પડ્યું.

ચોમાસાને લઈ રાજ્ય સરકાર દ્વારા તા. ૩જીની સવાર સુધીની જે સત્તાવાર વિગતો જાહેર કરાઈ છે તે મુજબ આખા રાજ્યમાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગરમાં છે.

ચોમાસાના આરંભે જ વરસાદની ઘટ હોવાથી લોકો અહિં નિરાશામાં ગરકાવ થઈ ગયા છે. ગત વર્ષે પણ ચોમાસામાં ૨૧ ટકાની ઘટ હતી અને સમગ્ર જિલ્લામાં પાણીના ભૂગર્ભ જળ સ્તર નીચે ગયા છે.

જિલ્લાના માણસા-દહેગામ-ગાંધીનગર અને કલોલ એ ચારેય તાલુકા ડાર્ક ઝોનમાં આવેલા છે, ઓવર એક્સપ્લોઈટેશન કેટેગરીમાં છે. ગત વર્ષની ઘટ પછી આ વખતે પણ ચોમાસાના વરસાદની ઘટ જોવા મળી રહી છે.

જિલ્લામાં પીવાના પાણી માટેના કામો ઠપ્પ પડ્યા છે. જિલ્લાના તળાવો ગરમીના પ્રકોપને કારણે સુકાઈ ગયા છે. ગરમીનો પ્રકોપ માર્ચથી જ ચાલુ થઈ ગયો હતો અને હજુ પણ આકરો તડકો પડી રહ્યો છે.

જુનના અંતિમ સપ્તાહમાં જિલ્લામાં ચોમાસુ બેસી જતુ અને જુલાઈમાં તો વાવણી પણ પૂરજોશમાં ચાલતી હતી, પરંતુ આ વખતે વરસાદે જિલ્લાની ધીરજની આકરી કસોટી શરૂ કરી છે. જિલ્લામાં આ ચોમાસામાં ખંડીય વૃષ્ટિથી વરસાદી સિઝનનો આરંભ થયો છે તેથી લોકોમાં નિરાશા વધુ જોવા મળી રહી છે.

રાજ્ય સરકારના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં ૦ થી ૪૦ મી.મી. વરસાદ થયો હોય તેવા ૭૩ તાલુકા છે. જ્યારે ૫૧ થી ૧૨૫ મી.મી. વરસાદ થયો હોય તેવા ૯૬ તાલુકા છે. ૧૨૬ થી ૨૫૦ મી.મી. વરસાદ થયો હોય તેવા ૫૫ તાલુકા છે. અને ૨૫૧ થી ૫૦૦ મી.મી. વરસાદ થયો હોય તેવા ૨૩ તાલુકા છે જ્યારે ૫૦૧ થી ૧૦૦૦ મી.મી. વરસાદ થયો હોય તેવા ૩ તાલુકા છે.

સરકારના જણાવ્યા પ્રમાણે જુનમાં રાજ્યમાં સરેરાશ ૬૪.૨૨ મી.મી. વરસાદ અને જુલાઈના પ્રથમ ત્રણ દિવસમાં જ ૫૩.૬૦ મી.મી. વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં ૧૨ તાલુકા એવા છે જ્યાં ચોમાસાની સિઝનનો ૧૦ ટકા કે તેથી ઓછો વરસાદ નોંધાયો છે.

**કચ્છમાં નોંધાતા સરેરાશ ટકાવારીમાં વરસાદનો ૭.૬૯ ટકા, પાટણમાં ૯.૫૭ ટકા, બનાસકાંઠામાં ૧૫.૫૬ ટકા, મહેસાણામાં ૪.૨૧ ટકા, સાબરકાંઠામાં ૧૦ ટકા, અરવલ્લીમાં ૮.૯૬ ટકા વરસાદ**

**દહેગામમાં અત્યાર સુધીમાં ૧૫ મી.મી., ગાંધીનગરમાં ૧૪ મી.મી., કલોલમાં ૧૭ મી.મી. અને માણસામાં ૬૭ મી.મી. વરસાદ**

● અનુસંધાન પાન-૭ પર




શહેરના આકાશમાં વરસાદી વાદળો ઝળુંબાઈ રહ્યા છે. ભારે પવન સાથે કાળા ડિબાંગ વાદળોની અવરજવર વરસાદના આગમનની ગવાહી પુરે છે. વાદળોનો જથ્થો જે રીતે શહેરના આકાશમાં જોવા મળી રહ્યો છે તે જોતા આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે તેવુ લાગે છે. ગાંધીનગરાઓ ભલે વરસાદની રાહ જુએ પરંતુ આકાશમાં અવરજવર કરતા વાદળો ચોક્કસ એટલી તો હૈયાધારણ આપે જ છે કે શહેરીજનો થોડીક ધીરજ રાખો... વરસાદ આવશે...

## આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા બપોરે બે વાગે સરદાર પટેલ હોલમાં મળશે.

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં વિપક્ષ કોંગ્રેસ ભાજપને ભીંસમાં લેવાની એક પણ તક જતી નહિ કરે તો ભાજપે પણ સંરક્ષણાત્મક વ્યુહરચના તૈયાર કરી દીધી છે.

આ બેઠકમાં સભ્યો દ્વારા ૬ થી વધુ પ્રશ્નો રજુ કરવામાં આવ્યા છે. ભાજપ આ બેઠક ઝડપથી આટોપી લઈ અને વડાપ્રધાનના મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમમાં હાજરી આપવા જવાની ઈચ્છા ધરાવે છે.

# રાહત : શહેરમાં કોરોનાના નવા ૧૦, ગ્રામ્યમાં ૪ કેસ નોંધાયા

## આઈઆઈટીમાં ૪, કુડાસણ-સરગાસણ ૨-૨, સે. ૨ અને ઈન્ફોસીટીમાંથી કેસ મળ્યા : દહેગામ-ગાંધીનગરમાં ૧-૧ તો કલોલમાં ૨ કેસ : ૧૩૪ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ તથા ગ્રામ્ય વિસ્તારમાં ૪ નવા કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં જોવા મળી રહેલી વધ-ઘટ એ તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ પણ એન્ટીજન કરતાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ વધુ કરવા પર ભાર મુક્યો છે.

કોરોનાએ બે દિવસ રૌદ્ર સ્વરૂપ બતાવ્યા પછી આજે તેની કેસની ગતિ ધીમી પડી છે. શહેર-જિલ્લામાં કેસોમાં ઘટાડો નોંધાતા તંત્રએ થોડીક રાહત અનુભવી છે. કોરોનાના લક્ષણો હળવા જોવા મળી રહ્યાનું પણ તંત્રના સૂત્રો સ્વીકારી રહ્યા છે.

શહેર-જિલ્લામાં આ વખતે હોસ્પિટલાઈઝેશન રેટ પણ નહિવત રહ્યો છે. લોકલ ટ્રાન્સમિશનથી કેસો વધી રહ્યા છે. મહિલા, ટીનેજર્સના કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓ સાથે ૮૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓ સાથે ૫૨ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૧૦ કેસ નોંધાયા છે. જેમાં પાંચ મહિલા દર્દી તેમજ એક નવ વર્ષના બાળકનો સમાવેશ થાય છે.

શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈ.આઈ.ટી.માં આજે વધુ ૪ કેસ મળ્યા છે. જેમાં ૧૮ વર્ષની દિકરી, ૨૪ વર્ષીય યુવતી, ૯ વર્ષનું બાળક તેમજ ૧૯ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે.

કુડાસણમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ૩૯ વર્ષીય મહિલા અને ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨ માં ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા જોધપુરના પ્રવાસે જઈ પરત ફરી હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે.

સરગાસણમાંથી આજે ૨૮ વર્ષીય યુવાન અને ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈન્ફોસીટીમાં આજે ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા જણાવ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ કેસ નોંધાયા છે. ગાંધીનગર ગ્રામ્ય અને કલોલમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં બે કેસ મહિલા દર્દીના છે.

આજે દહેગામના લવાડ, ગાંધીનગર ગ્રામ્યના અડાલજ, કલોલના ગ્રામ્ય વિસ્તારમાં શનાવાડ ગામેથી તેમજ કલોલ અર્બન-૨ માંથી એક કેસ મળી આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં બે દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૧૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

# આવતીકાલથી જિલ્લામાં વંદે ગુજરાત વિકાસયાત્રા

## યાત્રા દરમ્યાન ૨૦૦થી વધુ કામોનું લોકાર્પણ કરાશે : ૭૦ થી વધુ યોજનાઓની ખાતવિધિ થશે તેમજ ૩૨ મેળાઓનું આયોજન : જિલ્લામાં જગદીશ વિશ્વકર્મા અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી જોડાશે

ગાંધીનગર, તા. ૩

પાંચમી જુલાઈથી જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો પ્રારંભ થશે જે જિલ્લામાં ૧૮મી જુલાઈ સુધી ભ્રમણ કરી વિકાસની વિગતો ગ્રામીણ વિસ્તારોમાં જન જન સુધી પહોંચાડશે.

ગાંધીનગર જિલ્લામાં આ યાત્રા માટે ૩ રથ ફાળવવામાં આવ્યા છે. જેમાં બે રથ ગ્રામ્ય વિસ્તાર માટે તેમજ એક રથ ગાંધીનગર શહેર માટે ફાળવવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ચિલોડા ખાતે યોજવામાં આવશે જ્યારે મહાનગરનો કાર્યક્રમ રાંધેજા ખાતે યોજવામાં આવનાર છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા રથનું નેતૃત્વ કરશે જ્યારે મહાનગરમાં રાજ્ય ગૃહમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી નેતૃત્વ કરશે.

આ વિકાસ રથ જિલ્લાની ૨૮ અને અને મહાનગરની ૪૪ બેઠકોને આવરી લેશે.

આ વંદે ગુજરાત વિકાસ યાત્રા દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૨૫ જેટલા કામોનું લોકાર્પણ અને ૭૦ થી વધુ કામોનો આરંભ કરાવવામાં આવનાર છે.

આ યાત્રા દરમ્યાન જિલ્લામાં ૩૨ સ્થાનો પર પશુ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના ૫૬ થી વધુ કામોમાં આ રથ જશે જ્યાં સભા યોજાશે તેમજ ત્યાં બે થી ત્રણ કલાકનો કાર્યક્રમ યોજાશે.

આ સભા દરમ્યાન વિશ્વાસના બે દાયકા અને વિકાસ અંગે ટુંકી ફિલ્મ પણ દર્શાવવામાં આવનાર છે. આ ઉપરાંત જિલ્લામાં વિકાસના મહત્વના હાથ ધરાયેલ પ્રોજેક્ટો અંગે પણ ફિલ્મ દર્શાવવામાં આવનાર છે.

આ યાત્રા દરમ્યાન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, વિધવા સહાય યોજના, દિવ્યાંગ ઓળખકાર્ડ સહિત વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના કાર્ડ આપવામાં આવશે. બીજી તરફ રાજ્ય સરકારે પણ યાત્રા અંગેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. સરકારે આ યાત્રામાં ૩૩ મંત્રીઓ ઉપરાંત ત્રણ મહાનગરપાલિકાના મેયરો અને ૬ જેટલી પંચાયતોના પ્રમુખને આ રથનું નેતૃત્વ સોંપવાનો નિર્ણય કર્યો છે. આજે વડાપ્રધાનના ગુજરાતના પ્રવાસને લઈ એક દિવસ વિલંબથી આ યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે.

# પંચાયતોના સ્વભંડોળના ખર્ચ માટેની અલગ નીતિ બનાવશે સરકાર : સમિતિની રચના કરાઈ

## આ માસના અંત સુધીમાં સરકાર દ્વારા નવી નીતિ તૈયાર કરી દેવાશે

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં વિવિધ પંચાયતોમાં સ્વભંડોળની સ્થિતિ સરકાર માટે ચિંતાનો વિષય બની છે અને તેથી રાજ્યના વિકાસ કમિશનરે હવે સ્વભંડોળમાંથી ખર્ચ કરવા અંગેની આખી નીતિ અલગથી તૈયાર કરવાની કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યના પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સ્વભંડોળ અંગેની નીતિને આ માસના આખર સુધીમાં તૈયાર કરી દેવામાં આવશે અને તેના કડક અમલીકરણ માટેની સૂચનાઓ પણ જારી કરવામાં આવશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા આ અંગે એક સમિતિની રચના કરવામાં આવી છે અને સમિતિ માત્ર ૧૫ દિવસમાં પોતાનો અહેવાલ આપશે. સમિતિની એક બેઠક પણ સંપન્ન થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોમાં સ્વભંડોળની સ્થિતિ નાજુક બની રહી છે તેમજ ચૂંટણીનું વર્ષ હોવાથી સભ્યો દ્વારા પણ આડેધડ કામો સૂચવવામાં આવી રહ્યા છે. આ માટે કોઈ ચોક્કસ નીતિ નથી.

નાણાંપંચે તેની ગ્રાન્ટની નીતિમાં ટાઈડ ગ્રાન્ટ અને અન ટાઈડ ગ્રાન્ટ જેવા બે ભાગ પાડી નાણાંકીય વેડફાટને અટકાવ્યો છે અને ખરેખર ગ્રામ્યસ્તરે વિકાસના ચોક્કસ કામો હાથ ધરાય તે પ્રકારે હવે પંચાયતોમાં પણ સ્વભંડોળ અંગેની ચોક્કસ નીતિ તૈયાર કરવામાં આવનાર છે.

સભ્યોને ખુશ રાખવા માટે તેમને વિસ્તાર વિકાસના કામો અંગે છુટા હાથે સ્વભંડોળની રકમો ફાળવવામાં આવી રહી હોવાની વિગતો સરકારના ધ્યાને આવી હતી એટલુ જ નહિ આની ગંધ સરકારને ના આવે એટલે તંત્રએ કેટલાક જિલ્લાઓમાં બજેટના હેડનું પણ એકીકરણ કરી દીધુ છે. સરકારે ઉભી થયેલી પરિસ્થિતિને પારખી જઈ અલગ નીતિ તૈયાર કરવાનો નિર્ણય લીધો છે.

**ગાંધીનગર જીલ્લા મંડપ હાયરર્સ લાઇટ સાઉન્ડ એસોસિએશન**

ગાંધીનગર જીલ્લા મંડપના સર્વે સભ્યોને જણાવાનુ કે વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૮/૭/૨૨ના રોજ બપોરે ૩ થી ૫ દરમિયાન માણસા મુકામે મળશે. સભયશ્રીઓને સમયસર પધારવા અપિલ.

**કાર્યસુચિ :-**

૧. છેલ્લા બે વર્ષમાં અવસાન પામેલા સભ્યોને શ્રધ્ધાજલી.
૨. પી એસ કે સભયોની તાલુકા દીઠ માહિતી.
૩. આગામી વર્ષમા સ્નેહ મિલનની તારીખ, સમય, સ્થળ નક્કી કરવા બાબત.
૪. વાર્ષિક ઓડીટ અહેવાલો રજુ કરી બહાલી આપવા બાબત.
૫. પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે.

**: સ્થળ :**
રૂદ્ર પાર્ટી પ્લોટ
માણસા, જી. ગાંધીનગર.
તારીખ : ૧૮/૭/૨૦૨૨, સમય બપોરે ૩ થી ૫

નરેશ દવે – પ્રમુખ
ભવાનસિહ વાઘેલા – મહામંત્રી
નરેનસિહ વાઘેલા – ખજાનચી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com